મુખ્ય કારકુન : વર્ગ-૩ (**HEAD CLERK: CLASS-3**) સંવર્ગની જગ્યાઓ માટે સામાન્ય વહીવટ વિભાગના કોમન ભરતી નિયમો લાગુ કરવા બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **FED/ROR/e-file/6/2022/3325/D-2 Section**

સચિવાલય, ગાંધીનગર.

## આમુખ:

વન અને પર્યાવરણ વિભાગના નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓ ખાતે મુખ્ય કારકુન : વર્ગ-૩ (HEAD CLERK: CLASS-3) (પગારધોરણ : 7TH PAY: 35400-112400 - LEVEL 6) માં હાલ વન અને પર્યાવરણ વિભાગના તા.૧૬/૦૭/૨૦૦૮ ભરતી નિયમો અસ્તિત્વમાં છે. વિવિધ સંવર્ગોના ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરને મંજૂરી આપવા અંગેની બેઠકમાં, પ્રસ્તુત મુખ્ય કારકુન : વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ, એક જ ભરતી નિયમો હેઠળ અને એક જ ભરતી પ્રક્રિયા હેઠળ જગ્યાઓ ભરી શકાય તે હેતુથી સામાન્ય વહીવટ વિભાગના કોમન ભરતી નિયમો લાગુ કરવા સૂચન થયેલ હતું. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, વન અને પર્યાવરણ વિભાગના નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓ હસ્તકની મુખ્ય કારકુન : વર્ગ-૩(HEAD CLERK : CLASS-3) સંવર્ગના તા.૧૬/૦૭/૨૦૦૮ ના ભરતી નિયમો Repeal કરવામાં આવે છે તેમજ મુખ્ય કારકુન : વર્ગ-૩(HEAD CLERK : CLASS-3) સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી કે બઢતીથી ભરવા બાબતે, સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના કોમન ભરતી નિયમો, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, પૂર્વ સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા નિયમો અને ખાતાકીય પરીક્ષા નિયમો લાગુ કરવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૦૬.૦૩.૨૦૨૪ ની નોંધથી અપાયેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ભાવન ભાવસાર)

ઉપ સચિવ (સેવા)

વન અને પર્યાવરણ વિભાગ.

નકલ સવિનય રવાના :

- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.) ના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી ના રહસ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.

- મુખ્ય વન સંરક્ષકશ્રી/વન સંરક્ષકશ્રી(તમામ)
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી (I.T. CELL), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.)
- શાખા સિલેક્ટ ફાઇલ- ૨૦૨૫.

Signature Not Verified
Signed by:BHAVAN BHAVSAR
Under Secretary (I/C)
Date:2025.02.13
12:18:38 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign